For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



### સિટી કમાન્ડ કન્ટ્રોલરૂમ પર મ્યુ.કમિશનર અને સ્ટેન્ડિંગ અધ્યક્ષની સમીક્ષા

# વરસાદે વિરામ લેતા ભયજનક સપાટીની ઉપર ચાલતી વિશ્વામિત્રી નદીના જળસ્તરમાં ઘટાડો

**વરસાદી** પાણીના નિકાલ માટે બોલવા ફેરવી તોડ્યું : તંત્રએ રાહતનો શ્વાસ લીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી વરસી રહેલા વરસાદના કારણે ફરી એક વખત પુરવાડી થતા અટકી છે. તંત્ર કામે લાગ્યું છે. ત્યારે મંગળવારે મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણા થાય સમિતિના અધ્યક્ષ ડોક્ટર શીતલ મિસ્ત્રી સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ ખાતે પહોંચ્યા હતા અને પરિસ્થિતિનો સમીક્ષા કરી તાગ મેળવ્યો હતો.

છેલ્લા 36 કલાક પહેલા પડેલા પાંચ ઈંચ જેટલા વરસાદ અને દરરોજ એક એક બે ઈંચ વરસાદ ખાબકતા તંત્ર એક્શન મોડમાં આવ્યું હતું. જેના કારણે વિશ્વામિત્રી નદીનું જળસ્તર સતત વધી રહ્યું હતું અને ચિંતાનો વિષય બન્યો હતો. પાણીનું સ્તર વિશ્વામિત્રી નદીમાં એટલું વધી રહ્યું હતું કે તેના આવરો કરતાં પાણીનો નિકાસ ખૂબ ઓછો હતો. ડેમ બંધ હોવા છતાં વિશ્વામિત્રીનું જળસ્તર વધી રહ્યું હતું. ડેમનું રુલ લેવલ 212 હોવા છતાં 213 સુધી એથી પણ વધુ ભરાયો તેમ છતાં પણ વિશ્વામિત્રીમાં પાણી છોડવામાં આવ્યું ન હતું. પરંતુ નેચરલ પાણીનો ફ્લો એટલો હતો કે વિશ્વામિત્રી નદી એના એલર્ટ અને ડેન્જર લેવલને પણ વટાવી 24 ફૂટ થી 25 ફૂટ જેટલી પહોંચી હતી. જો તે સમયે વરસાદ વરસ્યો હોત તો તે પરિસ્થિતિ અનમેનેજેબલ થઈ હોત, પણ વિશ્વામિત્રી તેની ભયજનક સપાટી ઉપર ચાલી રહી હોવાથી નીચાણવાળા વિસ્તારમાં લોકોને અનાઉન્સમેન્ટ કરી તેમજ સુરક્ષિત સ્થળ ઉપર સ્થળાંતર કરવાની કામગીરી પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી. છેલ્લા 36 કલાકમાં વરસાદ નહીં પડતા તેમજ આજવા ડેમનું પાણી પણ નહીં છોડાતા જે પાલિકા તંત્રના મેનેજમેન્ટનો ભાગ છે. જેથી વિશ્વામિત્રી નદીનું જળસ્તર 25 ફૂટ થી ઓછું થઈ 22.25 ફૂટ થયું છે. જેથી વડોદરાના માથે પૂરનું સંકટ ટળ્યું છે, અને તંત્ર તેમજ વડોદરા વાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.



# પૂરગ્રસ્તોએ હજુ સહાય માટે કેટલી મથામણ કરવી પડશે, કોંગ્રેસનું આવેદનપત્ર

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરાશહેર માં નવીન કલેકટર કચેરી ખાતે વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા વિપક્ષના નેતા ચંદ્રકાંત ભથ્થુ અને વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋતિક જોષીની હાજરીમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં આજદિન સુધી ઘણા બધાં પીડિતોને સરકારી આર્થિક સહાય નથી મળી રહી એ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા નવીન કલેકટરકચેરી ખાતે પૂરગ્રસ્ત વિસ્તારોમાં આજદિન સુધી પીડિતોને સરકારી આર્થિક સહાય મળી નથી તે બાબતે કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. સાથે સયાજીગંજ વિધાનસભા વિસ્તારમાં પરશુરામ ભઠ્ઠામાં નટરાજ ટાઉનશીપમાં જે વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે અને પુર માં જેને પણ પોતાના જીવ ગુમાવ્યા છે તેવા વ્યક્તિને 2500000 રૂપિયા મળવા જોઈએ, જે પૂરગ્રસ્ત લોકોને મદદ નથી મળી તેને સહાય મળવી જોઈએ એવા અનેક મુદ્દાઓને ધ્યાનમા લઈને આજે નવીન કલેકટર કચેરી ખાતે આર એસ પ્રજાપતિને રજૂઆત કરવામાં આવી હતી. સાથે અલ્ટીમેટલ આપવામાં આવ્યું છે કે ત્રણ દિવસમાં આ રજૂઆતને ધ્યાને લઈને સહાય નહિ કરવામાં આવે તો વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા ઉગ્ર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે અને તેની જવાબદારી કલેક્ટર ની રહેશે.

# વોર્ડ 16 ના વિસ્તારના પાણી નહીં ઓસરતા લોકોની દયનિય હાલત

**વૃંદાવન** ચાર રસ્તાથી કપૂરઇ તરફ જતી કાસમાં ભરપૂર પાણી ભરાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરામાં સતત ત્રીજા દિવસે પણ વરસાદી પાણી ઉતર્યા નથી. પાલિકાના વોર્ડ નંબર 16 માં વિવિધ સોસાયટીઓના માર્ગો પર વરસાદી પાણી ભરાયા છે. આદિત્ય હાઈટ્સ ઓરબીટ સહિતના ફ્લેટ અને બંગલા ના માર્ગો પર વરસાદી પાણી ભરાયા છે. ત્રણ ત્રણ દિવસ સુધી પાણીનો નિકાલ નહીં થતાં નાગરિકો પરેશાન થઈ ઉઠ્યા છે. બાળકોને સ્કૂલે મોકલવા પણ લોકોને અઘરું પડી રહ્યું છે. વારંવારની રજૂઆત કરવા બાદ પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. હાલ કોર્પોરેશન દ્વારા હાઈવે પર કાંસને બે ભાગમાં વહેંચતા નાગરિકો હેરાન થયા છે. ત્યારે, પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં ત્રણ ત્રણ દિવસ સુધી વરસાદી પાણીનો નિકાલ નહીં થતાં નાગરિકોને ભારે નુકસાન થયું છે. વૃંદાવન ચાર રસ્તાથી કપૂરઈ તરફ જતી કાસમાં ભરપૂર પાણી ભરાયું છે. પ્રથમ રેસિડેન્સીના રહીશો પણ હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. કાંસ માંથી પાણીનો નિકાલ નહી થતા આ વિસ્તાર પ્રભાવિત થયો છે. ત્યારે, વાહવાહી લૂંટતા શાસકો માત્ર દેખાડા કરતા હોવાનું લાગી રહ્યું છે.





### નરાધમે પરિણીતા પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું

# ભાજપના નેતાઓનો માનીતો અને દુષ્કર્મનો આરોપી આકાશ ઝડપાયો

**આકાશ** ગોહિલ પોલીસ ધરપકડથી બચવા માટે અલગ અલગ જગ્યા પર ભાગતો ફરતો હતો

**પંચમહાલ** જિલ્લાના બાકરોલ ગામમાંથી પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વાઘોડિયાના ધારાસભ્યના અંગત અને અન્ય ભાજપના નેતાઓ સાથે નિકટતા ધરાવનાર આકાશ ગોહિલે પરણીતા પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ આ વાતની કોઈને જાણ કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. છેલ્લા ઘણા દિવસથી આરોપી ભાગતો ફરતો હોય પોલીસ તેની શોધખોળ કરી રહી હતી. દરમિયાન પંચમહાલ જિલ્લાના બાકરોલ ગામમાંથી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે વડોદરા લાવ્યા બાદ આરોપીનું મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના અનગઢ ગામે રહેતો આકાશ ગોહિલ વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાનો અંગત તથા અન્ય રાજકીય નેતાઓ સાથે નીકટતા ધરાવે છે. 22 સપ્ટેમ્બર ના રોજ રાત્રિના સમયે પરીણીતાનો પતિ પંચમહાલ જિલ્લામાં કોઈ પ્રસંગમાં ગયા હતા. જ્યારે સાસરા બીજા રૂમમાં ઊંઘતા હતા. તેમના મકાનના વચલા રૂમમાં એકલી હતી. તે દરમિયાન આકાશ ગોહિલે પરીણીતાને મેસેજ કરીને એકલી હોવાનું પૂછ્યું હતું. જેથી પરિણીતાએ હા એકલી છું તેમ જણાવ્યું હતું. મોડી રાત્રિના સમયે આકાશ ગોહિલ પરની તેના રૂમમાં ધસી આવ્યો હતો અને ત્યારબાદ પરીણીતા સાથે બળજબરી કરવા લાગ્યો હતો પરંતુ મહિલાએ તેનો પ્રતિકાર કરતા તેના પર જબરજસ્તીથી દુષ્કર્મ ગુજાર્યું હતું. હવસ સંતોષાઈ ગયા બાદ આકાશ ગોહિલ રાત્રિના સમયે જ ભાગી ગયો હતો. પતિના આવ્યા બાદ પરિણીતાએ આકાશ ગોહિલ ની કરતુત વિશે જાણ કરી હતી. પતિએ પત્નીને ફરિયાદ કરવા સહકાર આપ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ આકાશ ગોહિલ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ આકાશ ગોહિલ છેલ્લા પોલીસ ધરપકડથી બચવા માટે અલગ અલગ જગ્યા પર ભાગતો ફરતો હતો. પોલીસ પણ વિવિધ ટીમો બનાવી આકાશ ગોહિલને ઝડપી પાડવા માટે શોધખોળ કરી રહી હતી. દરમિયાન ગઈકાલે 30 સપ્ટેમ્બર ના રોજ પોલીસને બાતમી મળી હતી કે આરોપી આકાશ ગોહિલ પંચમહાલ જિલ્લાના બાકરોલ ગામ આવ્યો છે. જેના આધારે પોલીસે સ્થળ પર જઈને દુષ્કર્મના આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેને વડોદરા લાવ્યા બાદ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



### શું આકાશ પટેલને બચાવવા માનિતા ધારાસભ્યો દોડધામ કરશે?

ભાજપના ધારાસભ્યો સાથે સંબંધો ધરાવતા દુષ્કર્મના આરોપી નો તાજેતરમાં એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તે કોઈની સાથે ફોન પર વાત કરી જણાવતો હતો કે હાલમાં તો સત્તા અમારી છે અને પાંચ પાંચ ધારાસભ્યો અમારા છે તેથી મારા સામે કોઈ કલમ લાગશે નહીં. અમારો પીએ રાજેશ ગોહિલ તો દસ દિવસમાં જ છૂટી ગયો હતો. ત્યારે હવે આકાશ ગોહિલ ની ધરપકડ થઈ ગઈ છે, ત્યારે આકાશ ગોહિલને બચાવવા માટે શું તેના માન્યતા ધારાસભ્યો ખેલ ખેલશે.

### આકાશ ગોહિલ ભાગતા નંદેસરી પોલીસે 1 થી 1.5 કિલોમીટર સુધી પીછો કરી દબોચ્યો

22 સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે ઘટના બન્યા બાદ આરોપી આકાશ ગોહિલ ભાગી ગયો હતો. છેલ્લા 10 થી 12 દિવસ સુધી આરોપી ધરપકડથી બચવા માટે નાસ્તો ફરતો હતો. દરમિયાન પંચમહાલ જિલ્લાના બાકરોલ ગામે રહેતા મામાના ઘરે આરોપી આકાશ ગોહિલ રહેવા માટે આવ્યો હતો. જેની બાતમી મળતા જ નંદેસરી પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી. પોલીસને જોઈને આકાશ ગોહિલ ભાગ્યો હતો પરંતુ પોલીસે એકથી દોઢ કિલોમીટર સુધી પીછો કરીને તેને દબોચી લીધો હતો.

### આકાશ ગોહિલના રિમાન્ડ નામંજૂર કરાતા જેલભેગો

વડોદરા શહેરના નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આકાશ ભગવાનસીંહ ગોહીલ (આરોપી) ના દિન -3 ના રિમાન્ડ માગેલ હતા જે રિમાન્ડ અરજી ના સંદર્ભે આરોપી તર્ફે એડવોકેટ વિરાજ પી. ઠક્કર ના ઓ હાજર થઈ દલિલો કરતા જે દલિલો ના તથા સરકાર તર્ફે દલિલો ના અંતે રીમાન્ડ અરજી ના મંજરુ કરેલ હતી અને જ્યુ કસ્ટડી માં આરોપી ને મોકલી આપેલ હતો.

**- વિરાજ પી. ઠક્કર,** આરોપી તર્ફે એડવોકેટ

### ગરીબોના આવાસો, ધાર્મિક સ્થળો તોડી દૂર કરતું પાલિકા

# દર્શનમ્ બિલ્ડરના ફાયદા માટે વડસરમાં બ્રિજ બનાવવા ભાજપના કોર્પોરેટરનો થનગનાટ

**સ્થાયી** સમિતિમાં 12 કરોડની દરખાસ્ત મુકાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેરમાં દિવા તળે જ અંધારા જેવો ઘાટ સર્જાયો હોય તેવું જણાય છે. શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાતો કરનાર પાલિકા તંત્ર દ્વારા શહેરમાં ગરીબોના આવાસો, ધાર્મિક સ્થળો તોડી દૂર કરતું પાલિકા તંત્ર બિલ્ડરો, માલેતુજારો દ્વારા કરાતા બાંધકામને ફાયદો કરાવવા મથી રહ્યું છે.

શહેરના માંજલપુર વોર્ડ 18 માં સમાવિષ્ટ વડસર વિસ્તારમાં દર્શનમ્ ગ્રુપની સ્કીમના એપાર્ટમેન્ટ પાણી ભરાવાના કારણે વેચાતા ના હોય વોર્ડ 18ના એક કાઉન્સિલર દર્શનમ ગ્રુપને ફાયદો પહોંચાડવા નજીકમાં ઓવર બ્રિજ બનાવી આપવા માટે થનગનાટ કરી રહ્યા છે. બિલ્ડરો સાથે સાંઠ ગાંઠમાં પોતાની રોકડી કરવાના ચક્કરમાં હોવાની વાત સામે આવી છે. દર્શનમ ગ્રુપ દ્વારા વિશ્વામિત્રી નદી આસપાસ બિલ્ડીંગ ઉભી કરી દેવામાં આવી છે. પાલિકા દ્વારા વિશ્વામિત્રી આસપાસના દબાણો દૂર કરવા માટે હાલ તોડવાનું કામ પાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે બિલ્ડરોના મોટા ગ્રુપોને નેતાઓ દ્વારા બળ આપવામાં આવતું હોય તેમ દેખાઈ આવે છે. કોર્પોરેશનની કચેરી અને જે તે વોર્ડના કાઉન્સિલરો દ્વારા આ બિલ્ડર સાથે મસમોટો વહીવટ કરીને આ પ્રકારના દબાણો કરવા દેવામાં આવતા હોય છે.



વિશ્વામિત્રી આસપાસ પણ દર્શનામૃત બનાવાય છે. ત્યારે તાજેતરમાં આવેલા વરસાદ ના કારણે બિલ્ડીંગ આસપાસ પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા ત્યારે દર્શનમ ગ્રુપ દ્વારા વડસર પાસે બનાવેલ હાઈરાઈઝ બિલ્ડીંગના મકાનો વેચાતા ના હોય તેઓએ સ્થાનિક કાઉન્સિલરો અને નેતાઓને સંપર્ક કરી ઓવરબ્રીજ બનાવવા માટે ભલામણ કરી હતી. જો ઓવરબ્રિજ બની જાય તો પાણીની ભરાવાની સમસ્યા દૂર થઈ જાય અને પોતાની બનાવેલી હાયરાઈઝ બિલ્ડીંગના મકાનો અને દુકાનો વેચાઈ જાય. સ્થાયી સમિતિમાં આ માટે 12 કરોડની દરખાસ્ત મુકાઈ હોવાનું જાણવા મળે છે.

# શાસકોની જીદના કારણે કોનોકાર્પસ અકસ્માતને પણ આમંત્રણ આપશે?

**ડિવાઈડર** પર ઉગાડેલા કોનોકાર્પસ બ્લાઇન્ડ ટર્ન ઉભા કરે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગર પાલિકાના ભ્રષ્ટ વહીવટ ના પાપે શહેરીજનોને પારવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ડિવાઈડર અને સડકની બંને બાજુ ઉગેલા ઝાડ ટ્રીમિંગ કરવા પાછળ દર વર્ષે રૂપિયા બે કરોડ ફાળવવામાં આવે છે. જો કે પાલિકાના અધિકારીઓની ઘોર બેદરકારીને કારણે ડિવાઈડર પર ઉગેલા કોનોકાર્પસ અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે.



વડોદરા શહેરના ભ્રષ્ટ વહીવટી તંત્રની પીઠ થાબડતા આવડત વગરના શાસકોએ શહેરનું ધનોત પનોત કાઢી નાખ્યું છે. શહેરમાં સુશોભીત કરવાના ચક્કરમાં ઉબાડિયું કરી બેઠેલા શાસકોએ પર્યાવરણવિદોએ ના પાડી હોવા છતાં માનવ જીવન માટે જોખમી કોનોકાર્પસ ના છોડ ડિવાઈડર પર ઉગાડ્યા છે. ઝડપભેર મોટા થતા આ છોડ ડિવાઈડરની બહાર લચી પડે છે. સમયસર કોનોકાર્પસ કાપવાની સામાન્ય ત્રેવડ પણ અધિકારીઓમાં નથી, જેના કારણે ઝડપભેર મોટા થતા છોડ વાહન ચાલકો માટે અકસ્માત નું કારણ બને છે.

આ કામગીરી પાર્કસ એન્ડ ગાર્ડન શાખાની દેખરેખ હેઠળ આવે છે. આ વિભાગ ના મુખ્ય અધિકારી ડૉ. મંગેશ જયસ્વાલ છે અને ડે. ડાયરેક્ટર નિલેશભાઈ છે. આ બંને અધિકારીઓને આ બાબત ની જાણ છે આમ છતાં કોનોકાર્પસ કાપવાની તસ્દી લેવાતી નથી. અહીં મહત્વનું એ છે કે પાલિકા દ્વારા ચાર ઝોન માં ઝાડ અને ડિવાઈડર પર ઉગાડેલા છોડ કાપવા માટે ઝોન દીઠ રૂ.૫૦ લાખ ફાળવવામાં આવે છે. આમ ચાર ઝોનમાં મળી કુલ રૂ. ૨ કરોડ ફાળવ્યા બાદ પણ અકસ્માત ને આમઁત્રણ યથાવત રહે છે.





ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.
ની સ્થાપનાના ૧૦૦ વર્ષ થવા નિમિત્તે આયોજીત
સ્વર્ણિમ શતાબ્દી મહોત્સવ
જાહેર આમંત્રણ
ઉદ્ઘાટક: શ્રી અમિતભાઈ શાહ
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી
અતિથિ વિશેષ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી જગદીશભાઈ પંચાલ
માનનીય મંત્રી (રા.ક.), સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, ગુજરાત
તારીખ: ૦૪-૧૦-૨૦૨૪, શુક્રવાર • સમય: સવારે ૧૦.૪૫ કલાકે • સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર
શ્રી જગદીશભાઈ પટેલ, વાઈસ ચેરમેન
તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરિવાર
શ્રી અજયભાઈ પટેલ, ચેરમેન
ADC BANK
ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.
સહકારી સંસ્થાના હોદ્દેદારો/કાર્યકરોને નમ્ર વિનંતી કે તેઓ આ કાર્યક્રમમા હાજર રહેવા માંગતા હોય તો બેંકની વેબસાઇટ www.adcbank.coop શતાબ્દી મહોત્સવ પોર્ટલ પર ઉપર રજીસ્ટ્રેશન કરવું.